# Tour of foreign Heads of Mission and their representatives to Hyderabad

December 09, 2020

## વિદેશી મિશનનાં વડાઓ અને તેઓનાં પ્રતિનિધિઓનો હૈદરાબાદનો પ્રવાસ

ડીસેમ્બર 09, 2020

1. વિદેશ મંત્રાલય દ્વારા 9 ડીસેમ્બર 2020 નાં રોજ મિશનોનાં વડાઓ અને તેઓનાં પ્રતિનિધિઓનાં હૈદરાબાદનાં પ્રવાસનું આયોજન કર્યું હતું. આ પ્રવાસનું આયોજન ડીપાર્ટમેન્ટ ઑફ બાયો-ટેક્નોલોજી (DBT) અને બાયોચેકનોલોજી ઈન્ડસ્ટ્રી રીસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ (BIRAC) સાથે સહકારમાં કરવામાં આવ્યું હતું.

2. આ જૂથે અગ્રણી બાયોટેકનોલોજી કંપનીઓ, ભારત બાયોટેક અને બાયોલોજિકલ ઈ. ની સંશોધન અને મેન્યુફેક્ચરિંગ સુવિધાઓની મુલાકાત લીધી હતી. ચાલું તબીબી અજમાયશો સહિત કોવિડ-19 રસીઓ વિકસાવવાનાં ભારતનાં દેશી પ્રયાસો પર સહભાગીઓને સંક્ષિપ્ત માહિતી પ્રદાન કરવામાં આવી હતી. રસી ઉત્પાદન સહિત ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાં ભારતની સંશોધન અને વિકાસ સુવિધાઓ, મેન્યુફેક્ચરિંગ ક્ષમતા, વિદેશી ગઠબંધનો વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

3. વિશ્વનાં સૌથી મોટા રસી મેન્યુફેક્ચરર તરીકે, કોવિડ-9 રસીઓનાં ઉત્પાદન માટેનાં વૈશ્વિક પ્રયાસોમાં ભારત નોંધપાત્ર યોગદાન આપશે. માનવ સેવામાં રસી-સંબંધીત પ્રયાસોમાં ભારત તમામ રસ ધરાવતા દેશો સાથે ભાગીદારી કરવા માટે પ્રતિબદ્ધ છે.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.